ક્રમાંક: નપમ-૧૦૮૪/૧૧૬૦/ક.૧
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૮-૫-૧૯૮૪.

પ્રતિ,

જીલ્લા વિકાસ અધિકારીશ્રી,
ખેડા જીલ્લા પંચાયત
નડિયાદ.

વિષય:- રુપાંતરિત ગ્રામ પંચાયતોમાં સેક્રેટરીઓની ખાલી જગા ભરવા બાબત.

---

ભાદરણ ગ્રામ પંચાયત.

ભાદરણ ગ્રામ પંચાયતના સેક્રેટરીને નિમવા બાબતે પંચાયતે કરેલ તા. ૧૯-૪-૮૪ના હુકમ નં.. ૧૦ અંગે તે પંચાયતના સરપંચશ્રીને સંબોધીને લખેલા આપના તા. ૧૭-૪-૮૪ ના પત્ર ક્રમાંક: એકા-ગ્રામ-નગર-પં ફિકસ/વશી/૬૨૨થી ૧૨૫ ના અનુસંધાને આપનું ધ્યાન ૧૯૬૭ના ગુજરાત પંચાયત સેવા (એમ ઇન્ટીગ ઑથ રોટોઝ) નિયમો તરફ દોરવામાં આવે છે. આ નિયમો અનુસાર ગ્રામ પંચાયત મંત્રીઓના નિમણુંકના અધિકારો નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રીને છે, જ્યારે ગ્રામ પંચાયતો સ્થાનિક સંવર્ગમાં દર્શાવેલી જગાઓ ઉપર જ નિમણુંક આપી શકે છે. અને તા. ૩૦-૩-૭૭ ના હુકમ ક્રમાંક: કેપા-૪૦(૭૭)પીઆર આર/૧૦૭૫/૧૬૬૮/થ, માં ગ્રામ પંચાયતના મંત્રીઓનો સમાવેશ સ્થાનિક સંવર્ગમાં નહીં પરંતુ જીલ્લા સંવર્ગમાં કરવામાં આવેલો છે. ૧૯૭૧ના ગુજરાત ગ્રામ પંચાયત મંત્રીઓ (ભરતી, તાલિમ અને સેવાની શરતો) નિયમો અનુસાર પણ ગ્રામ પંચાયત મંત્રીની નિમણુંક નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ કરવાની રહે છે. તો આ કાયદાકીય જોગવાઇઓને અનુલક્ષીને ભાદરણ ગ્રામ પંચાયતના સેક્રેટરીની નિમણુંક અંગે યોગ્ય

...૨/-

યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે. વધુમાં લાદરણ ગામ પંચાયતના તારીખ ૧૯-૪-૮૪ ના હુકમ ક્રમાંક:૧૦માં ઉલ્લેખ કરેલ આ વિભાગનો તારીખ ૨૭-૧૨-૮૩નો ઠરાવ રૂપાંતરિત પંચાયતોના તા. ૧-૪-૬૩ પહેલાંના સુધરાઇ વખતના કર્મચારીઓને પ્રમોશન આપવા બાબતનો છે જ્યારે જે કર્મચારીને સેક્રેટરી તરીકે પંચાયતે બઢતી આપવા નક્કી કરેલ છે તે આ ઉપલબ્ધ માહિતી અનુસાર ૧૯૭૮માં દાખલ થયેલ છે. તેથી પંચાયતે પોતાના હુકમમાં ઉલ્લેખ કરેલ આ વિભાગનો તા. ૨૭-૧૨-૮૩નો ઠરાવ પ્રસ્તુત નથી.

( રમણ આર્ય. )
સેક્શન અધિકારી.
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ.

<u>નકલ રવાના :-</u>

૧. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૨. સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી (ગાંધીનગર અને ડાંગ સિવાય)
૩. સરપંચશ્રી........ ગ્રામ પંચાયત જા........